# અનંતાનુબંધી કષાય–વિચારણા

આ સંસારને વિષે અનંતા એવા કોટિ જીવોની સંખ્યા છે. વ્યવહારાદિ પ્રસંગે ક્રોધાદિ વર્તણુંક અનંતા જીવો ચલાવે છે. ચક્રવર્તી રાજા આદિ ક્રોધાદિ ભાવે સંગ્રામ ચલાવે છે અને લાખો મનુષ્યોનો ઘાત કરે છે, તો પણ તેઓમાંના કોઈ કોઇનો તે જ કાળમાં મોક્ષ થયો છે. ક્રોધ, માન, માયા અને લોભની ચોકડીને કષાય એવા નામથી ઓળખાવવામાં આવે છે. આ કષાય છે તે અત્યંત ક્રોધાદિવાળો છે. તે જો અનંત સંસારનો હેતુ હોઈને અનંતાનુબંધી કષાય થતો હોય, તો તે ચક્રવર્તી આદિને અનંત સંસારની વૃદ્ધિ થવી જોઇએ અને તે હિસાબે અનંત સંસાર વ્યતિત થયા પહેલાં મોક્ષ થવો શી રીતે ઘટે? એ વાત વિચારવા યોગ્ય છે. જે ક્રોધાદિથી અનંત સંસારની વૃદ્ધિ થાય તે અનંતાનુબંધી કષાય કહેવાય છે, એ પણ નિઃશંક છે. તે હિસાબે ઉપર બતાવેલા ક્રોધાદિ અનુંતાનુબંધી જ્યારે સંભવતા નથી, ત્યારે અનંતાનુબંધીની ચોકડી બીજી રીતે સંભવે છે.

સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર–એ ત્રણેયની ઐકયતા તે 'મોક્ષ.' તે સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર એટલે વીતરાગજ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. તેનાથી જ અનંત સંસારથી મુક્તપણું પમાય છે. આ વીતરાગજ્ઞાન કર્મનો અબંધ હેતુ છે. વીતરાગના માર્ગે ચાલવું અથવા તેમની આજ્ઞા પ્રમાણે ચાલવું એ પણ અબંધક છે. તે પ્રત્યે જે ક્રોધાદિ કષાય હોય

૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી વિમુક્ત થવું, તે જ અનંત સંસારથી અત્યંતપણે મુક્ત થવું છે અર્થાત્ મોક્ષ છે. મોક્ષથી વિપરીત એવો જે અનંત સંસાર તેની વૃદ્ધિ જેનાથી થાય છે, તેને **અનંતાનુબંધી** કહેવામાં આવે છે, અને છે પણ તેમજ. વીતરાગના માર્ગે અને તેમની આજ્ઞાએ ચાલનારાઓનું કલ્યાણ અવશ્યમેવ થાય છે. આવો જે ઘણા જીવોને કલ્યાણકારી માર્ગ, તે પ્રત્યે ક્રોધાદિ ભાવ કે જે મહા વિપરીતના કરનારા છે, તે જ 'અનંતાનુબંધી કષાય' છે. જો કે ક્રોધાદિ ભાવ લૌકિકે પણ અફળ નથી, પરંતુ વીતરાગે પ્રરૂપેલ વીતરાગજ્ઞાન અથવા મોક્ષમાર્ગ અથવા તો સત્ધર્મ, તેનું ખંડન અથવા તે પ્રત્યે ક્રોધાદિ ભાવ તીવ્ર-મંદાદિ જેવા ભાવથી હોય તેવા ભાવથી અનંતાનુબંધી કષાયથી બંધ થઈ અનંત એવા સંસારની વૃદ્ધિ થાય છે.

## ગુણસંકલના

ગુણની હકીકત એવી છે કે એક ગુણને સર્વાંશે ગ્રહણ કર્યો કે તેની પાછળ અનેક ગુણો સ્વતઃ ચાલ્યા આવે છે. જેમકે—ક્ષમાગુણ આવે ત્યારે અભિમાન, દંભ, મૂર્ચ્છા, મત્સર, નિંદા વિગેરે દોષો તત્કાળ નાશ પામે છે. આપણે પાંચ–સાત બાબતોને ન વળગતાં એક ગુણને ગમે તે ભોગે વિકસાવવા અડગ પ્રયાસ કરીએ તો પણ કાર્ય સફળ થાય છે, જીવન ધન્ય બને છે અને સાધ્ય સમીપ આવે છે.

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org